# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************************

1. લોકસભાએ રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ચર્ચા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વંદે માતરમના મંત્રએ સ્વતંત્રતા ચળવળને ઉર્જા આપી.
2. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને ગૃહના સભ્યોને સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ભંડોળમાં ઉદારતાથી યોગદાન આપવા અપીલ કરી.
3. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે કોઈ પ્રસ્તાવ રજૂ કર્યો નથી.
4. ચીનના લિયાઓનિંગ એરક્રાફ્ટ કેરિયરે જાપાનના દક્ષિણપશ્ચિમ ટાપુ શૃંખલા નજીક લગભગ 100 ટેક-ઓફ અને લેન્ડિંગ કરતાં જાપાને વિરોધ નોંધાવ્યો.
5. નાઇજીરીયાની શાળામાંથી અપહરણ કરાયેલા 100 બાળકોને બચાવાયાં.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS - VANDE MATARAM

લોકસભાએ રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર ચર્ચા હાથ ધરી છે. રાષ્ટ્રગીત 1875માં બંકીમચંદ્ર ચેટરજી દ્વારા લખવામાં આવ્યું હતું. ચર્ચા શરૂ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વંદે માતરમના મંત્રએ સમગ્ર દેશને શક્તિ અને પ્રેરણા આપી અને સ્વતંત્રતા ચળવળને ઉર્જા આપી.

તેમણે કહ્યું કે, આજે પવિત્ર વંદે માતરમને યાદ કરવું એ આ ગૃહના તમામ સભ્યો અને દેશવાસીઓ માટે એક મહાન સૌભાગ્ય છે. શ્રી મોદીએ કહ્યું કે વંદે માતરમના 150 વર્ષ એ મહાન અધ્યાય અને ગૌરવને ફરીથી સ્થાપિત કરવાની તક છે.

તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રીય ગીત વંદે માતરમ 1947માં દેશને આઝાદી અપાવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે , વંદે માતરમ એ શક્તિ છે જે લોકોને સ્વતંત્રતા સેનાનીઓના સ્વપ્નોને સાકાર કરવા માટે પ્રેરિત કરે છે.

## (બાઇટ - નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે જ્યારે વંદે માતરમે તેની 100મી વર્ષગાંઠની ઉજવણી કરી, ત્યારે દેશ કટોકટીથી હચમચી ગયો હતો. તેમણે ઉમેર્યું કે જ્યારે રાષ્ટ્રગીત ખૂબ જ ઉત્સાહથી ઉજવવું જોઈતું હતું , ત્યારે ભારતના બંધારણનું ગળું દબાવી દેવામાં આવ્યું અને દેશભક્તોને જેલના સળિયા પાછળ કેદ કરવામાં આવ્યા.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે , ગૃહ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલ રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ચર્ચા કરી રહ્યું છે. તેમણે કહ્યું કે , ભારતે ઝુલમ સામે લડત આપવાના મુશ્કેલ સમયમાં આ રાષ્ટ્રીય ગીત આશા પ્રદાન કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VANDE MATRAM

સંસદમાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર વિશેષ ચર્ચા પહેલા, કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે વંદે માતરમે સ્વતંત્રતા સંગ્રામને એક કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## BYTE- ગજેન્દ્ર સિંહ શેખાવત

સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિએ જણાવ્યું હતું કે વંદે માતરમ દેશના તમામ રાજ્યોને જોડતું ગીત છે. જ્યારે ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને કહ્યું હતું કે , દેશની યુવા પેઢી માટે વંદે માતરમનું મહત્વ અને તેની ભાવનાને સમજવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંસદની બહાર મીડિયા સાથે વાત કરતા , શ્રી પાસવાને યુવાનોને આ ચર્ચા સાંભળવા વિનંતી કરી.

## BYTE- ચિરાગ પાસવાન

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LOK SABHA QUESTION

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે કોઈ પ્રસ્તાવ રજૂ કર્યો નથી.

મંત્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે કોસ્ટલ સર્કિટ પહેલ હેઠળ **68** કરોડ રૂપિયા અને 'પ્રસાદ' યોજના હેઠળ બેલુર મઠના વિકાસ માટે **31** કરોડ રૂપિયા આપ્યા છે. મંત્રીએ આરોપ લગાવ્યો કે ત્યારબાદ રાજ્ય સરકાર રાજ્યમાં ધાર્મિક પર્યટનના વિકાસ માટે 'સ્વદેશ દર્શન, પ્રસાદ' જેવી વિવિધ કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓમાં ભાગ લઈ રહી નથી.

લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં મંત્રીએ ઉમેર્યું કે તે રાજ્ય સરકારની જવાબદારી છે કારણ કે તે રાજ્યનો વિષય છે. રાષ્ટ્રીય યાત્રા યોજનામાં 'ગંગાસાગર'નો સમાવેશ કરવાના મુદ્દા પર જવાબ આપતા મંત્રીએ કહ્યું કે ભારતીય પૌરાણિક કથાઓ અને સંસ્કૃતિમાં ગંગાસાગરનું ખૂબ મહત્વ છે, પરંતુ રાજ્ય સરકારની જવાબદારી છે કે તેઓ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (**DPR**) બનાવે ત્યારે બાદ જ મંત્રાલય જરૂરી પગલાં લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEGHWAL-SOCIAL JUSTICE

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે ભાર મૂક્યો હતો કે છેલ્લા અગિયાર વર્ષોમાં, નરેન્દ્ર મોદી સરકારની નીતિઓ દ્વારા સામાજિક ન્યાયની મૂળભૂત ભાવના હવે સાકાર થઈ રહી છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા , મુદ્રા યોજના પર ભાર મૂકતા, મંત્રીએ કહ્યું કે, આ યોજનાથી નાગરિકોની આર્થિક ક્ષમતામાં વધારો થયો છે. દેશમાં 25 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે.

શ્રી મેઘવાલે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, સરકાર કાચાં ઘરોને પાક્કા ઘરમાં રૂપાંતરિત કરી રહી છે અને દેશભરમાં દરેક ઘરમાં વીજળી અને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવાઇ રહી છે.

## (BYTE- ARJUN RAM MEGHWAL- NSD AIR GROUP)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RS- FLAG DAY FUND

રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને ગૃહના સભ્યોને સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ભંડોળમાં ઉદારતાથી યોગદાન આપવા અપીલ કરી છે.

શૂન્ય કલાક દરમિયાન , શ્રી રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે સશસ્ત્ર દળ ધ્વજ દિવસ દર વર્ષે 7 ડિસેમ્બરે યુદ્ધમાં શહીદ થયેલા અને ગણવેશધારી સૈનિકોનું સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે જેમણે માત્ર રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરવા માટે જ નહીં પરંતુ આતંકવાદ અને બળવાખોરીને ડામવા બલિદાન આપ્યું છે.

તેમણે કહ્યું કે, આ દિવસે સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ભંડોળ માટે દાન એકત્રિત કરવામાં આવે છે જેનો ઉપયોગ શહિદોની વિધવાઓ, યુદ્ધમાં શહીદ થયેલા લોકોના આશ્રિતો અને અપંગો સહિત ભૂતપૂર્વ સૈનિકોના કલ્યાણ અને પુનર્વસન માટે થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB - ACCIDENT

પંજાબના લુધિયાણામાં ગઈકાલે મોડી રાત્રે એક કાર અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. મૃતકોમાં બે સગીર છોકરીઓ અને ત્રણ યુવાનોનો સમાવેશ થાય છે , મૃતકો લુધિયાણા નજીક જગરાવના રહેવાસી છે. અકસ્માતનું કારણ તપાસ હેઠળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHINA JAPAN TENSION

ચીનના લિયાઓનિંગ એરક્રાફ્ટ કેરિયરે સપ્તાહના અંતે જાપાનના દક્ષિણપશ્ચિમ ટાપુ શૃંખલા નજીક લગભગ **100** ટેક-ઓફ અને લેન્ડિંગ કર્યા , જેના કારણે જાપાને ચીનના રાજદૂત વુ જિઆંગહાઓને બોલાવીને જાપાની વિમાનોને રડાર દ્વારા નિશાન બનાવવા સહિતની ખતરનાક પ્રવૃત્તિનો વિરોધ કર્યો.

જોકે, ચીને આ દાવાઓને નકાર્યા છે , જાપાન પર ફ્લાઇટ સલામતીને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો અને ટોક્યોને બદનામ અને ટિકા ન કરવાની ટકોર કરી હતી.પાછલા ઘણા સમયથી ચીન અને જાપાન વચ્ચે તણાવ વધી રહ્યો છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KALYAN CHATTOPADHYAY DEATH

પીઢ અભિનેતા કલ્યાણ ચટ્ટોપાધ્યાયનું 82 વર્ષની વયે નિધન થયું. તેઓ બીમારીને કારણે હોસ્પિટલમાં દાખલ હતા. ગત રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા. 1942માં પશ્ચિમ બંગાળના બહેરામપુરમાં જન્મેલા કલ્યાણ ચટ્ટોપાધ્યાયે

સત્યજીત રેની "પ્રતિદ્વાંદી", તપન સિંહાની "સગીના મહતો" અને તાજેતરની હિન્દી ફિલ્મ "કહાની" માં પણ અભિનય કર્યો હતો.તેમણે 400થી વધુ ફિલ્મો , અનેક ટીવી ધારાવાહિક અને શ્રેણીઓમાં અભિનય કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NIGERIAN CHILDREN RELEASE

નાઇજીરીયન અધિકારીઓએ ગયા મહિને નાઇજર રાજ્યની એક શાળામાંથી અપહરણ કરાયેલા 100 બાળકોને બચાવી લેવામાં આવ્યા હોવાની પુષ્ટિ કરી છે. બચાવાયેલા તમામને તબીબી તપાસ માટે અબુજા મોકલવામાં આવ્યા હતા. તેઓ ટૂંક સમયમાં તેમના પરિવારોને મળશે.

જોકે તેમના પરિવારો સાથે પુનર્મિલન અગાઉ રાજ્યના અધિકારીઓને સોંપવામાં આવશે. 21 નવેમ્બરના રોજ થયેલા હુમલામાં 303 વિદ્યાર્થીઓ અને 12 શિક્ષકોનું અપહરણ કરવામાં આવ્યું હતું , જેમાંથી લગભગ 50 ભાગી ગયા હતા. જોકે, 153 વિદ્યાર્થીઓ અને તમામ 12 શિક્ષકો હજુ પણ કેદમાં છે.

પડોશી કેબી રાજ્યમાં 25 શાળાની છોકરીઓના અપહરણ પછી આ ઘટના બની છે , જે 2014 ની ચિબોક ઘટના પછી સામૂહિક અપહરણની ઘટનાઓમાં ચિંતાજનક વધારો દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .